# જાહેર નિવિદા

## કલોલ નગરપાલિકા તા.કલોલ જી.ગાંધીનગર

પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓ ગાંધીનગર ઝોનના હુકમ ક્રમાંક:-RCMGN/0276/06/2023 તા.૨૭-૦૬-૨૦૨૩ થી થયેલ હુકમ અને શરતોની જોગવાઈઓ અનુસાર નગરપાલિકાની પસંદગી સમિતિ ધ્વારા નક્કી કરવામાં આવેલ ધોરણ તથા શરતો અને કલોલ નગરપાલિકાના મંજુર થયેલ લઘુત્તમ મહેકમ માટે કર્મચારીઓની ભરતી-બઢતી અંગેના ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ-૨૭૧ હેઠળ પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર ધ્વારા હુકમ નંબર:-RCMGN/0039/10/2025 તા.૧૪/૧૦/૨૦૨૫ ના હુકમથી મંજુર થયેલ ભરતી બઢતીના નિયમો-૨૦૨૫ ને આધિન સ્પર્ધાત્મક પરિક્ષા આધારે નીચે પત્રકમાં દર્શાવેલ સંવર્ગની જગ્યાઓ માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી પાંચ વર્ષના સમયગાળા માટે ફીકસ પગારથી સીધી ભરતીથી નિમણુંક માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

| અ. નં. | જગ્યાનું નામ | જગ્યા ની સંખ્યા | વર્ગ | શૈક્ષણિક લાયકાત, તથા ટેકનીકલ લાયકાત | કેટેગરી મુજબ ભરવાની થતી જગ્યા | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | અનુસુચિત જાતિ | | અનુસુચિત જનજાતિ | | સા.શૈ.પ.વ. | | બિન અનામત | | આર્થિક રીતે નબળા વર્ગ | | કુલ |
| | | | | | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | |
| ૧ | ફાયર ઇન્સ્પેકટર | ૧ | ૩ | (૧) માન્ય યુનિવર્સિટીના સ્નાતક (૨) નેશનલ ફાયર એકેડમી **(AIILSG)**, વડોદરા અથવા નેશનલ ફાયર સર્વિસ કોલેજ નાગપુરથી સબ ફાયર ઓફિસર કોર્ષ પાસ<br>અથવા<br>કોઇપણ યુનિવર્સિટી/ સંસ્થામાંથી મેળવેલ બેચરલ ઓફ ફાયર એન્જીનીયરીંગ (ફાયર)/બેચરલ ઓફ ટેકનોલોજી(ફાયર)/ બેચરલ ઓફ ફાયર એન્જીનીયરીંગ (ફાયર એન્ડ સેફટી)/બેચરલ ઓફ સાયન્સ(ફાયર) પાસ કરેલ હોય (૨) હેવી મોટર વ્હિકલ ચલાવવાનું વેલીડ લાયસન્સ ધરાવતા હોવા જોઇએ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| ૨ | ફાયરમેન | ૮ | ૩ | (૧) નેશનલ ફાયર એકેડમી **( AIILSG)**,વડોદરા અથવા ગુજરાત સરકાર માન્ય આઇ.ટી.આઇમાંથી ફાયરમેન/ ફાયર ટેકનોલોજી અને ઇન્ડસ્ટ્રીયલ ફાયર સેફ્ટી મેનેજમેન્ટ અથવા સમકક્ષ કોર્ષ સરકાર માન્ય સંસ્થામાંથી પાસ હોવા જોઇએ. (૨) હેવી મોટર વ્હીકલ ચલાવવાનું વેલીડ લાયસન્સ ધરાવતા હોવા જોઇએ | ૦ | ૦ | ૧ | ૦ | ૨ | ૦ | ૪ | ૧ | ૦ | ૦ | ૦૮ |

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ડ્રાઈવર | ૪ | ૩ | (૧) સીધી ભરતીથી પસંદગીમાં નિમણૂક થવા માટે ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા એચ.એસ.સી.(ધોરણ-૧૨) અથવા તેની સમક્ષક સરકારે માન્ય કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઇએ (૨) હેવી મોટર વ્હીકલ લાયસન્સ ધરાવતા હોવા જોઇએ.(૩) સ્વીમીંગની જાણકારી હોવી જોઇએ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૦૪ |

શારીરીક ક્ષમતાઃ- (દરેક જગ્યા માટે)

(૧) શારીરીક રીતે તંદુરસ્ત હોવા જોઇએ. (૨) લાલ,લીલા કલરના તફાવત જાણી શકતા હોવા જોઇએ.(૩) ઉંચાઇઃ- પુરૂષો માટે : તમામ ઉમેદવાર (અનુસુચિત જનજાતિ સિવાય)-૧૬૫ સે.મી. અને અનુસુચિત જન જાતિ ઉમેદવાર માટે : ૧૬૨ સે.મી. મહિલા માટે :તમામ ઉમેદવાર (અનુસુચિત જનજાતિ સિવાય) -૧૫૮ સે.મી. અને અનુસુચિત જન જાતિ ઉમેદવાર માટે : ૧૫૬ સે.મી. (૪) વજન : પુરૂષો માટે ૫૦ કિ.ગ્રા. લઘુત્તમ, મહિલા માટે ૪૦ કિ.ગ્રા લઘુત્તમ (૫) છાતી : સામાન્ય -૮૧ સે.મી ફૂલાયેલી : ૮૬ સે.મી.(ફક્ત પુરૂષો માટે)

ડ્રાઇવરની જગ્યા માટે - (બઢતીના કિસ્સામાં નગરપાલિકાના કર્મચારીને લાગુ પડશે નહિ)

શારીરીક કસોટી- (દરેક જગ્યા માટે)

(૧) હોઝ પાઇપ સાથેની/વજન ઉંચકીને ૫૦ મીટરની દોડ- ૧૫ સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે. (૨) ૪૦૦ મીટરની સામાન્ય દોડ- ૧૫૦ સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે.(૩) રસ્સો પકડીને ઉપર ચઢવાનું – ૫ મીટર (૪) લાંબી કુદ– ૩ મીટર (૫) ઉંચી કુદ- ૧મીટર (૬) તરણ ૧૦૦ મીટર- ૩૦૦ સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે.

ડ્રાઇવરની જગ્યા માટે - (બઢતીના કિસ્સામાં નગરપાલિકાના કર્મચારીને લાગુ પડશે નહિ)

અનુભવ

(૧) ફાયર ઇન્સ્પેકટર- સરકારી કે અર્ધ સરકારી અથવા ખાનગી ફાયર સેવાઓમાં કોઇપણ જગ્યાનો સબ ઓફીસર અથવા સમકક્ષ જગ્યા ઉપર નોકરીના કુલ ત્રણ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઇએ.

(૨) ફાયરમેન- સરકારી કે અર્ધ સરકારી અથવા ખાનગી ફાયર સેવાઓમાં ફાયરમેન અથવા સમકક્ષ જગ્યા ઉપર નોકરીના કુલ બે- વર્ષનો અનુભવ ધરવતા હોવા જોઇએ.

(૩) ડ્રાઇવર: સરકારી કે અર્ધ સરકારી અથવા ખાનગી ફાયર સેવાઓમાં ડ્રાઇવર કે સમકક્ષ જગ્યા ઉપર નોકરીના કુલ ૫- વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઇએ

શરતોઃ-

૧) ઉપરોકત જગ્યાઓ માટે અરજી જાહેરાત પ્રસિદ્ધ થયેથી ૩૦ દિવસ સુધીમાં ચીફ ઓફિસરશ્રી,કલોલ નગરપાલિકા,તા.કલોલ,જી.ગાંધીનગર ખાતેફક્ત રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી મોકલી આપવાની રહેશે.અન્ય રીતે રજૂ થયેલ અરજી રદ્દ કરવા પત્ર થશે.

૨) અરજદારે અરજી સાથે તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝ ફોટા નંગ-૧,શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, શૈક્ષણિક લાયકાતની સ્વપ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારે જાતિ અંગેનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૩) ઉપરોકત તમામ જગ્યાઓ માટે અરજ સાથે બીનઅનામત વર્ગના અરજદારે રૂ.૫૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ, ચીફ ઓફિસર,કલોલ નગરપાલિકાના નામથી મોકલવાનો રહેશે.અનુસુચિત જાતિ,અનુસુચિત જનજાતિ તથા સૈક્ષણિક પછાતવર્ગના તથા આર્થિક નબળા વર્ગના ઉમેદવારે કોઈ ફી ભરવાની રહેશે નહી. પરંતુ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગનું નોન ક્રિમીલિયરનું પ્રમાણપત્ર તથા આર્થિક નબળા વર્ગના ઉમેદવારે જાહેરાતની તારીખે માન્યતા પ્રાપ્ત પ્રમાણપત્ર અરજી સાથે ફરજિયાત રજુ કરવાનું રહેશે તેના સિવાય અનામતના લાભો મળવાપાત્ર થશે નહી.

૪) અરજીના કવર ઉપર જે જગ્યા માટે અરજી કરેલ હોય તે જગ્યાનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

૫) વયમર્યાદા સરકારશ્રીના નીતિ નિયમ મુજબની રહેશે.તેમજ ઉમેદવારોને સરકારશ્રીના નિયમ મુજબ ઉંમરમાં છૂટછાટ મળવાપાત્ર થશે. અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે નિયત શૈક્ષણિક લાયકાત,જરૂરી વયમર્યાદા તથા નિયત અનુભવ ધરાવતા હોવા જોઈએ.(અનુભવ અંગે અનુભવનું પ્રમાણપત્ર જે તે સંસ્થાના લેટર પેડ પર સક્ષમ અધિકારીના સહી સિક્કાવાળું રજુ કરવું ઓફર લેટર માન્ય ગણાશે નહી.)

૬) દરેક જગ્યા માટે ઉમેદવારે અલગ-અલગ અરજી કરવાની રહેશે.(અરજદાર દ્વારા એક જગ્યા માટે બે અરજી કરવામાં આવે તો આખરી અરજી માન્ય રાખવામાં આવશે.)

૭) એક જ અરજીપત્રકમાં એક કરતા વધુ જગ્યા માટે અરજી કરેલ હશે તો અરજીપત્રક રદ્દ ગણવામાં આવશે.

૮) અરજીપત્રક કલોલ નગરપાલિકાની વેબસાઈટ https://kalolnagarpalika.in ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

૯) અધુરી વિગતની અરજી તથા અપૂરતી ફી,સમયમર્યાદા બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી અને આ અંગે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

૧૦) આ જાહેરાત તથા સમગ્ર ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણસર ફેરફાર કરવાની કે સંપૂર્ણ અથવા અંશત:રદ્દ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાની તથા પસંદગી કરવી કે ન કરવી તે અંગે નગરપાલિકાનો સંપૂર્ણ અબાધિત હક્ક/અધિકાર રહેશે. નગરપાલિકા આ માટે કોઈ કારણો આપવા માટે બંધાયેલ રહેશે નહી. જગ્યાઓની સંખ્યા અંદાજિત છે જે ફેરફારને પાત્ર રહેશે.

૧૧) અનામત વર્ગનાં ઉમેદવાર સમાન્ય જગ્યા ઉપર અરજી કરે તો અનામતના કોઈ લાભ મળવાપાત્ર રહેશે નહી અને સમાન્ય વર્ગના ઉમેદવાર તરીકેની શરતો લાગુ પડશે.

૧૨) માન્ય તમામ સંવર્ગના ઉમેદવારની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.

૧૩) સરકારશ્રીની નીતિ અનુસાર પ્રથમ નિમણુંક ૫ (પાંચ)વર્ષના ફિક્સ પગારથી કરવામાં આવશે (વર્ગ-૩) સંવર્ગના કર્મચારીઓના કરારીય સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયેથી તેઓને કલોલ નગરપાલિકાના પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર પગાર-ભથ્થા મળવાપાત્ર થશે.

૧૪) માન્યતા પ્રાપ્ત અરજીઓના ઉમેદવારોની શારીરિક ક્ષમતા,શારીરિક કસોટી, સ્વીમીંગની જાણકારીનું પરીક્ષણ યોજવામાં આવશે.જેમાં ઉતીર્ણ થયેલ ઉમેદવારોની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.

ચીફ ઓફિસર
કલોલ નગરપાલિકા

પ્રમુખ
કલોલ નગરપાલિકા

જાવક નંબર:- ________

તારીખ :- ___________